# આણંદ કૃષિ યુનિવર્સિટી
## સંશોધન નિયામકશ્રીની કચેરી, આયોજન સેલ,
## આણંદ

**વિષય : આયોજીત યોજના (પ્લાન યોજના ) ના વર્ષ ૨૦૧૨-૧૩ ના સુધારેલ અંદાજ અને વર્ષ ૨૦૧૩-૧૪ ના વર્ષના અંદાજ તૈયાર કરવા બાબત....**

**સંદર્ભ : જા.નં. આકૃયુ/સં.નિ/બજેટ/પી.૧/૧૩-૧૪/૪૩૨૮-૪૪૨૮/૧૨, તા: ૨૧/૦૭/૨૦૧૨**

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીની આયોજીત યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, આપના હસ્તકની આયોજીત યોજનાઓ ના વર્ષ ૨૦૧૨-૧૩ ના સુધારેલ અંદાજ અને વર્ષ ૨૦૧૩-૧૪ ના વર્ષના અંદાજો તૈયાર કરી તા:૧૭/૦૯/૨૦૧૨ સુધીમાં મોકલી આપવા અત્રેથી સંદર્ભિત પરિપત્રથી જણાવવામાં આવેલ તેમ છંતા મોટા ભાગના આયોજીત યોજનાઓના વડાશ્રીઓ તરફથી રજૂ કરવામાં આવેલ અંદાજપત્ર નિયત પત્રકોમાં મોકલવામાં આવેલ નથી. જયારે  કોમ્પ્યુટર તથા તેને સંલગ્ન સાધનો નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેકનોલોજીની ભલામણ સાથે મોકલી આપવા જણાવેલ હતુ. તેમ છતાં,  મોટા ભાગના યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ દ્વારા કોમ્પ્યુટર તથા તેને સંલગ્ન સાધનો નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેકનોલોજીની  ભલામણ સાથે  મોકલી આપવામાં આવેલ નથી. આથી જે આયોજીત યોજનાઓના વડાશ્રીઓએ કોમ્પ્યુટર તથા તેને સંલગ્ન સાધનો નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેકનોલોજીની ભલામણ વગર મોકલી આપેલ છે. તેમના કોમ્પ્યુટર તથા તેને  સંલગ્ન સાધનો વર્ષ ૨૦૧૩-૧૪ ના અંદાજપત્રમાં સમાવેશ થશે નહિ. જયારે જેમના અંદાજપત્ર નિયત પત્રકોમાં નથી તે યોજનાઓનો પણ આગામી અંદાજપત્રમાં જોગવાઇ થશે નહી તે માટેની જવાબદારી જે તે આયોજીત યોજનાઓના વડાશ્રીઓની રહેશે.

સહિ/-

**જા.નં. આકૃયુ/સં.નિ/અયન-૧/૬૨૪૯/૧૨,** **સંશોધન નિયામક અને**

**તારીખઃ ૧૪/૦૯/૨૦૧૨** **અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

**<u>નકલ રવાનાઃ</u>**

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

(૨) યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા જરૂરી માહિતિ સત્વરે મોકલી આપવા ધટતી કાર્યવાહી કરવા સારૂ

(૩) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ તરફ જાણ સારુ

(૪) નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેકનોલોજીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા સદર માહિતિ www.aau.in વેબસાઇટ ઉપર મુકવા અંગે ધટતી કાર્યવાહી સારૂ.